# ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ

Indian Youth Congress

રાજીવ ગાંધી ભવન, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬

**મુકેશ આંજણા**
ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ મહામંત્રી
ચેરમેન ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ મીડીયા વિભાગ

**અખબારી યાદી** **તા. ૦૨-૦૭-૨૦૨૪**

- **ભાજપ હિંદુત્વના નામે ખોટો ભ્રમ ફેલાવે છેઃ ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ.**
- **વિદ્યાર્થીઓ-યુવાનોની સમસ્યાઓ ઉકેલવામાં ભાજપ નિષ્ફળઃ ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ.**
- **યુવા મોરચા અને ABVPના ૧૦૦ થી વધુ કાર્યકરો NSUI અને યુથ કોંગ્રેસમાં જોડાયા.**

ભાજપની યુવા વિરોધી નીતિને રામરામ કરીને મોટી સંખ્યામાં ABVP અને ભારતીય જનતા યુવા મોરચાના યુવાનોને કોંગ્રેસ પક્ષમાં આવકારતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, લોકસભા વિરોધપક્ષના નેતા આદરણીયશ્રી રાહુલ ગાંધીના લોકસભામાં આપેલ ભાષાણથી ભાજપ સરકાર ડરી ગઈ છે. રાહુલ ગાંધીએ દેશવાસીઓ પણ કહ્યું છે કે "ડરો  મત, ડરાવો મત...." ગુંડાઓથી ગુજરાત ડરશે નહીં, આવનારા સમયમાં ભાજપને ગુંડાગીરી બંધ કરવી પડશે, દરેક ધર્મ શીખવે કે, ડરશો  નહીં તેવુ તેઓએ જણાવ્યું હતું. ભાજપ દ્વારા કોંગ્રેસ પક્ષનાં કાર્યલાય  ખાતે અડધી રાતે કરવામાં આવેલ કાયરતાપૂર્ણ કૃત્યને કોંગ્રેસ પક્ષે વખોડી રાજીવ ગાંધી ભવન ખાતે પ્લેકાર્ડ સાથે યુથ કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ. દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો. ગુજરાતની જનતા આ પ્રકારના હિંસાત્મક કાર્યોને કદાપિ સહન-સમર્થન નહીં આપે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, રાજીવ ગાંધી ભવન ખાતે આશ્ચર્યજનક કાર્યક્રમ આપીને ભાજપની નીતિનો કોંગ્રેસ પક્ષે વિરોધ કર્યો હતો. છેલ્લા ઘણા સમયથી ભાજપ પાર્ટી દેશમાં નફરતનું ઝેર ફેલાવી રહી છે, વિદ્યાર્થીઓ અને યુવાનોની સમસ્યાનો ઉકેલ લાવવામાં ભાજપ સરકાર સરેઆમ નિષ્ફળ ગઈ છે. ભારતીય જનતા પાર્ટી વિદ્યાર્થીઓ સાથે છળ કપટ કરી રહી છે. NEET પરીક્ષામાં ગોટાળા કર્યા બાદ દેશના વિદ્યાર્થીઓની માંગ હોવા છતાં રદ કરવામાં આવી નથી. ગુજરાતના રાજકોટમાં TRP મોલમાં બનેલી ગોઝારી ઘટનાના વિરોધમાં કોંગ્રેસ પક્ષ દ્વારા આપવામાં આવેલ 'રાજકોટ બંધ'ના આહવાહનને સમગ્ર રાજકોટના નગરજનોએ સંપૂર્ણપણે બંધ પાડીને સમર્થન આપ્યું હતું. તે જોઈને ભાજપ સરકાર ડરી ગઈ છે.

આજરોજ પ્રદેશ ભાજપ યુવા મોરચાનાં શ્રી જીગ્નેશ સાધુ, સિલ્વર ઓક સાયન્સ કોલેજના પ્રેસિડેન્ટશ્રી સની પરમાર, યુવા મોરચાના શ્રી હર્ષ પરમાર, શ્રી રાહુલસિંહ પરમાર, શ્રી દુષ્યંત ઠાકોર, શ્રી અભય પરમાર, એબીવીપીનાં શ્રી જય પરમાર, શ્રી ઋષિલ પ્રજાપતિ, શ્રી મન પંચાલ, શ્રી પાર્થિવ પરમાર, શ્રી સચિન દરજી, શ્રી દક્ષ રાઠોડ, શ્રી જય જાદવ, શ્રી હર્ષ તલસાણીયા, શ્રી અર્જાભાઈ ભરવાડ, શ્રી ઓમ પરમાર સહિત મોટી સંખ્યામાં યુવાનોએ કોંગ્રેસ પક્ષનો ખેસ પહેરીને વિધિવત રીતે વિદ્યાર્થીપાંખ એ.એસ.યુ.આઈ, યુથ કોંગ્રેસમાં જોડાયા હતા.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, પ્રવક્તાશ્રી પાર્થિવરાજસિંહ કઠવાડીયા, શ્રી હિરેન બેંકર, યુથ કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી ડૉ. ઉપેન્દ્રસિંહ જાડેજા, ડૉ. પ્રવિણસિંહ વણોલ, અમદાવાદ શહેર યુવા કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષશ્રી ઈમરાન શેઠજી, NSUI ના અમદાવાદ શહેરના પ્રમુખશ્રી તિલકરામ તિવારી સહિત મોટી સંખ્યામાં યુવક કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ.ના કાર્યકરો-પદાધિકારીઓ, આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

(મુકેશ આંજણા)